 ISSN: 2349-6002

# Internationalization Of Education

Sweta Parmar[1], Dr.Bhavna R. Keshwala[2]
[1]*Department of Economics Dr. V. R. Godhaniya P.G. center Porbandar*
[2]*Guide, Department of Economics Dr. V. R. Godhaniya P.G. center Porbandar*
*doi.org/10.64643/IJIRTV12I8-191404-459*

***સારાંશ*---આજના યુગમાં શિક્ષણના મહત્વને ધ્યાનમાં રાખીને અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમને યોગ્ય શિક્ષણ મળી રહે તે વિશ્વના દરેક દેશો માટે મહત્વની બાબત છે. પોતાના દેશમાં સારું શિક્ષણ મળી રહે અને દેશના અર્થતંત્રનો વિકાસ થાય તે સ્વપ્ન આજે દરેક દેશો સેવે છે. પરંતુ ઘણા દેશોના અભ્યાસ પરથી જાણવા મળ્યું છે કે તે દેશોમાં ક્યાંક ને ક્યાંક ગુણવત્તાયુક્ત શિક્ષણનો અભાવ જોવા મળે છે. આમ સારા શિક્ષણના અભાવને કારણે દેશના અર્થતંત્રમાં પણ તેની નકારાત્મક અસર થતી જોવા મળે છે. જો દેશની અંદર સારું અને ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવામાં આવશે તો દરેક દેશના અર્થતંત્રનો યોગ્ય રીતે વિકાસ થતો જોવા મળશે.**

**આમ દુનિયાના ઘણા દેશો જે વિકસિત છે તે દેશોનો અભ્યાસ કરીને તે દેશોમાં શિક્ષણની વ્યવસ્થાને જાણવામાં આવે અને શિક્ષણમાં ટેકનોલોજી નો ઉપયોગ કઈ રીતે થાય છે, શિક્ષણ માટેની કેટલી યોજનાઓ છે, વિદ્યાર્થીઓને આવા શિક્ષણથી શું લાભ થાય છે તે તમામ બાબતોને ધ્યાને રાખીને આવી શિક્ષણ પદ્ધતિને વિકાસશીલ અને અલ્પવિકસિત દેશમાં અમલ કરવામાં આવે તો દરેક દેશના વિદ્યાર્થીઓને યોગ્ય ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે છે. અને માનવ સંસાધન વિકસે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાના કારકિર્દીની શરૂઆત કરી શકે છે. જેથી પોતાના દેશનો યોગ્ય વિકાસ થઈ શકે અને દેશના અર્થતંત્રના માળખામાં સુધારો કરીને આર્થિક વિકાસ સાંધિ શકે. ભારતમાં NEP 2020 ની શરૂઆત કરવામાં આવી. જેથી દેશના વિદ્યાર્થીઓનો યોગ્ય વિકાસ થઈ શકે. આમ શિક્ષણ ક્ષેત્રનો તુલનાત્મક અભ્યાસ કરીને દરેક દેશના વિકાસને આગળ વધારી અને લોકોની સમૃદ્ધિ અને હિતના કાર્યો કરવા શક્ય બને છે. તેથી " શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ " ખૂબ જ જરૂરી છે.**

- શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ

શિક્ષણનું આંતરરાષ્ટ્રીયકરણ એટલે એક દેશની શિક્ષણ પ્રણાલીને અન્ય દેશોની શિક્ષણ પ્રણાલીઓ સાથે જોડવી. વિકસિત દેશોની સફળ શિક્ષણ પદ્ધતિ, ટેકનોલોજી નો ઉપયોગ, અભ્યાસક્રમ, શિક્ષણ વ્યવસ્થા, અને સંશોધન પ્રવૃત્તિઓનો અભ્યાસ કરીને તેને વિકાસશીલ દેશોમાં અમલમાં મૂકવું જોઈએ જેથી દરેક દેશોનો યોગ્ય રીતે વિકાસ થઈ શકે.

- આંતરરાષ્ટ્રીય શિક્ષણના કેન્દ્રો

સંસ્થાકીય ગતિશીલતા વિવિધ સ્વરૂપો દ્વારા થાય છે. જેમ કે શાળાનું કેમ્પસ, અધ્યતન ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજીકલ સાધનો, ફ્રેન્ચાઇઝીંગ વગેરે દ્વારા વિદ્યાર્થીઓ ઉચ્ચ ડિગ્રી મેળવવાની આશા રાખે છે.

યોગ્ય માહિતીયુક્ત શિક્ષણ આજે દુનિયાના ઘણા બધા દેશો આપતા જોવા મળે છે. જેમાં શ્રેષ્ઠ શિક્ષણમાં જાપાન, U.S.A., રશિયા, U.K., ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં શિક્ષણના ક્ષેત્રનો પૂરતા પ્રમાણમાં વિકાસ થઈ શક્યો છે.

આ ઉપરાંત મલેશિયાએ સ્નાતક શિક્ષણ બજારને લક્ષ્ય બનાવતું આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક કેન્દ્ર વિકસાવ્યું છે. અને દુબઈ જે નોલેજની દ્રષ્ટિએ આગળ આવે છે ત્યાં દુબઈ ઇન્ટરનેશનલ એકેડમીક સીટી (DIAC) 20 થી વધુ આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ કાર્યરત છે.

- ટેકનોલોજીનો શિક્ષણમાં ઉપયોગ

આધુનિક યુગમાં ટેકનોલોજી શિક્ષણ નો અભિન્ન અંગ બની ગઈ છે. વિકસિત દેશોમાં ઓનલાઈન શિક્ષણ, સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ લર્નિંગ, ઈ – લાઇબ્રેરી, વર્ચ્યુઅલ લેબ્સ વગેરેનો વ્યાપક ઉપયોગ થાય છે. જેનાથી વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય છે.

- વિદેશોમાં ભારતીય વિદ્યાર્થીઓ

છેલ્લા કેટલાક વર્ષોમાં વિદેશી શિક્ષણ મેળવવા જતા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા સતત વધતી રહી છે. વર્ષ 2000 માં આશરે 66.7 હજાર ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં હતા, જે 2017માં વધીને લગભગ 3.05 લાખ થઈ ગયા. હાલના સમયમાં 18.8 લાખ થી પણ વધારે વિધાર્થીઓ આંતરરાષ્ટ્રીય શિક્ષણ મેળવવા માટે જાય છે. આમ આજે મોટાભાગના ભારતીય આંતરરાષ્ટ્રીય શિક્ષણ મેળવવાનું વધારે પસંદ કરે છે.

- વિદેશમાં શૈક્ષણિક સહાયો

જુદા-જુદા દેશોમાં શિક્ષણની સુવિધાઓ જુદા-જુદા પ્રકારની જોવા મળે છે. જેમકે જાપાનમાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે સારું પ્લેસમેન્ટ, પૌષ્ટિક આહાર, ટેકનોલોજી ની સુવિધાઓ એ સિવાય U.S.A. માં બાળકોને ફ્રી શિક્ષણ આપવામાં આવે છે. આ ઉપરાંત ચીન જેવા ઘણા વિકસિત દેશો એવા છે કે જ્યાં વિદ્યાર્થીઓને ફ્રી શિક્ષણ આપવામાં આવે છે.

- વિદેશી શિક્ષણ મેળવવું અતિ ખર્ચાળ

ભારતીય નાગરિકો મૂડી પ્રધાન દેશોમાં જઈને યોગ્ય શિક્ષણ મેળવવાની ઈચ્છા દાખવતા જોવા મળે છે. પરંતુ આંતરરાષ્ટ્રીય શિક્ષણ મેળવવું અતિ ખર્ચાળ બની ગયું છે. તેથી દરેક વ્યક્તિને આંતરરાષ્ટ્રીય શિક્ષણ મેળવવાની શક્યતા નથી. પરિણામે કેટલાક વિદ્યાર્થીઓના માનસ પર વિપરીત અસર થતી જોવા મળે છે. અતિ ખર્ચાળ શિક્ષણને કારણે અને વિઝા, રહેવા અને જમવાની સુવિધા પણ અતિ ખર્ચાળ બની રહે છે.

- **ભારતમાં વિદેશી વિદ્યાર્થીઓ**

પ્રાચીન સમયમાં નાલંદા વિશ્વવિદ્યાલય હતી. જેમાં 10,000 વિદ્યાર્થીઓ અને 2,000 પ્રોફેસર હતા. તે સમયે નાલંદા વિશ્વવિદ્યાલયે ચીન, ઈન્ડોનેશિયા, કોરિયા, જાપાન વગેરે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આકર્ષા હતા. પરંતુ પછીના વર્ષોમાં વિદેશીઓ ભારતીય શિક્ષણ ક્ષેત્રે ઓછો રસ દાખવતા જોવા મળે છે.

- ભારતીય શિક્ષણનું પુનઃનિર્માણ અને જુદી જુદી યોજનાઓ

આઝાદી પછી ભારતમાં શિક્ષણ ક્ષેત્રનો વ્યાપ સતત વધતો જોવા મળે છે. સંપૂર્ણ માનવ કલ્યાણ પ્રાપ્ત કરવા, સમાન અને ન્યાય સમાજ વિકસાવા માટે મહત્વનું અને મૂળભૂત પાસું શિક્ષણ હોવાથી ભારતીય શિક્ષણનો વ્યાપ આજે વધતો જાય છે. ભારતમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને જુદી-જુદી શૈક્ષણિક યોજનાઓ ઘડવામાં આવી છે.

જેમાં દરેક વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવાનો અધિકાર હોવાથી અને કોઈ વિદ્યાર્થી શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે ભારત સરકારે વર્ષ 2009માં સર્વ શિક્ષા અભિયાન

 ISSN: 2349-6002

(RTE) અમલમાં મુક્યો. જેનો મુખ્ય હેતુ 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવાનો છે.

ત્યારબાદ વર્ષ 2020 માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) અમલમાં મૂકવામાં આવી. જે 5+3+3+4 નવી શૈક્ષણિક રચના , બહુ શિસ્ત અભિગમ, 21 મી સદીની કુશળતાઓ પર ભાર, અને સ્થાનિક ભાષાઓને પ્રોત્સાહન આપે છે . આ ઉપરાંત તેનો  હેતુ 2035 સુધીમાં 50% GER પ્રાપ્ત કરવાનો છે. તે ઉપરાંત NEP વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક અને રાષ્ટ્રીય સ્તરે સ્થપાયેલા યુનિવર્સિટી સ્નાતકો ઉત્પન્ન કરવાની કલ્પના કરે છે.

આ ઉપરાંત ભારતીય શિક્ષણમાં સહાયરૂપ મધ્યાહ્ન ભોજન, સ્કોલરશીપ, સરકારી છાત્રાલયો, સાયકલ સહાય, ડિજિટલ બોર્ડ, ટેકનોલોજી ના સાધનો, વગેરે સુવિધાઓ આપે છે.

ભારતના ઘણા રાજ્યોમાં ઉચ્ચ શિક્ષણ આપવામાં આવે છે. જેમાં 2025 ના સર્વે મુજબ મિઝોરમ સૌથી વધુ સાક્ષરતા ધરાવતું રાજ્ય છે. તેનો સાક્ષરતા દર 98.2% છે. ત્યારબાદ કેરલ માં સાક્ષરતા દર 93.91 ટકા છે. અને બિહારમાં સાક્ષરતા દર એ 60.8% છે. ગુજરાતમાં સાક્ષરતા દર 78.03 ટકા છે.

## સમાપન

વિશ્વનો કોઈપણ દેશ જ્ઞાન ઉત્પાદનમાં વૈશ્વિક વિકાસ અને રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીઓ પર તેમના દ્વારા કરવામાં આવતા શૈક્ષણિક પ્રભાવોથી અલગ રહી શકતો નથી. જ્ઞાન રાષ્ટ્રીય સ્તરે ઉન્નત થાય છે પરંતુ વૈશ્વિક સ્તરે વધુ વહેંચાય છે. તેથી ભારતે વિશ્વના ઘણા દેશો સાથે શિક્ષણ પ્રણાલીથી જોડાઈ રહેવાની ખૂબ જ જરૂર છે. જેથી દેશના વિદ્યાર્થીઓનો યોગ્ય વિકાસ થઈ શકે. આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક વિશ્વસનીયતા મેળવવા માટે જ્ઞાન ઉત્પાદન અને તેના આદાન- પ્રદાન માં આંતરરાષ્ટ્રીય સહયોગ અને સહકાર એક મહત્વપૂર્ણ પગલું બની રહે છે. આંતરરાષ્ટ્રીયકરણ દ્વારા પૂરૂં પાડવામાં આવતું શિક્ષણ એ મહત્વપૂર્ણ અને ફાયદાકારક છે. તેથી આંતરરાષ્ટ્રીય શિક્ષણનો વ્યાપ વધારવો જોઈએ.

## સંદર્ભસૂચિ


[1] https:/en.wikipedia.org/wiki/Education_ in_India
[2] https:/en.wikipedia.org/wiki/Education_ in_japan
[3] https://Youtu.be/XQPvwHwSEK4?si=PiPUL-p9DVBQjtHc
[4] https://aiu.ac.in